રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત
ટેલીફોન : ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૩ અંક ૬ ૦૧-૦૬-૨૦૧૧

આ અંક અંતર્ગત :

રેકિ વિદ્યાનિકેતનને શુભેચ્છા ૧
આશ્રમમાં થતી ધાર્મિક વિધિઓ પર પ્રશ્નો ૨
હિમાલય સાથે મિલન ૩
ગુરૂનું સામર્થ્ય ૪
રૂદ્રમ્‌ની રેકિ સાથે સુસંગતતા ૫
આપણી વેબસાઈટ ૬
સમર્થ રામદાસ સ્વામીની પ્રાર્થના ૭
રેકિ સેમિનારનું સમય પત્રક ૮

## રેકિ વિદ્યાનિકેતનને શુભકામના

આજે પાંચમી જુન છે. ૧૯૯૮ ના વર્ષમાં આ દિવસે રેકિ વિદ્યાનિકેતનની સંકલ્પના આકાર લઇ ચુકી હતી. આ જ દિવસે મને આવેલા સ્વપ્નમાં રેકિ વિદ્યાનિકેતન એવું નામ સૂચવવામાં આવેલું અને મારા સહકાર્યકર્તા ડો. સુભાષ ગોખલે તેમજ સ્વગ ય શ્રી દિનેશભાઇ ઠક્કરે તેની સ્થાપનાની જાહેરાત કરી હતી.

આજે આપણે રેકિ વિદ્યાનિકેતનની છત્રછાયામાં આપણા કાર્યના ૧૩ વર્ષ પૂરા કર્યા છે. આજે હું તમામ રેકિ સાધકો કે જે આ દિવ્ય સંસ્થા સાથે જોડાયેલા છે તેમજ તેમણે આ સમયગાળા દરમ્યાન જે અદ્ભૂત ટેકો આપ્યો છે તેમજે નમન કરવાની તક જતી કરવા માગતો નથી. હું દરેક રેકિ સાધકનો વિકાસ જોઇ રહ્યો છું જે માત્ર આ દિવ્ય માર્ગે યાત્રા કરતા રેકિ સાધકોની સંખ્યામાં વધારો જ નહી પરંતુ તેમના આધ્યાત્મિક શૌર્યમાં પણ વૃદ્ધિ-વિકાસ જોઇ રહ્યો છું. સેમિનાર વખતે હોલમાં દાખલ થતાં વિદ્યાથ ઓ આજેય મારી નજર સામક્ષ તરવરે છે અને આજે તેઓ કેવા બન્યા છે તેની સરખામણી કર્યા વિના હું રહી શકતો નથી. મને સમજાય છે કે ઈશ્વરે મને કેવા અદ્ભૂત વિદ્યાથ  રેકિ શીખવવા માટે આપ્યા. વાસ્તવમાં શીખવવું શબ્દ અહી યોગ્ય નહી ગણાય કારણ કે હું હંમેશા માનું છું કે શીખવવું તે હકીકતમાં તો શીખવાનું જ છે. છેલ્લા ૧૩ વર્ષ દરમ્યાન રેકિ શીખવતી વખતે મને ઘણું શીખવા મળ્યું.

કેટલાક સાધકો મને વારંવાર પૂછતા હોય છે કે આ માર્ગે અમારો વિકાસ થાય છે તે કેવી રીતે ખબર પડે? તેનો જવાબ ખૂબ જ સરળ છે. પ્રત્યેકે પોતાની જ પ્રતિક્રિયાઓ જીવનની ઘટમાળમાં જોવી. ઘણી આવી ઘટનાઓ આપણા જીવનમાં વારંવાર વિવિધ પરિસ્થિતિઓમાં આવતી હોય છે. પરંતુ તે ઘટનાની પ્રતિક્રિયાઓ અગામી વર્ષોમાં બદલાતી જશે. અને તમારી અમુક ઘટના આધારિત પ્રતિક્રિયાઓ પહેલાં કેવી હતી અને અત્યારે સમાન ઘટના માટેની તમારી પ્રતિક્રિયાઓ જુદી જ હશે અને એ સકારાત્મક હશે, જો આવું થાય તો વિશ્વાસ રાખજો કે તમારામાં સારૂં પરિવર્તન થયું છે. તે જ તમારો વિકાસ છે તેમાં શંકાને સ્થાન નથી. હું જોઇ રહ્યો છું કે તમારામાં ઘણા બધામાં સમયની સાથે હકારાત્મક પરિવર્તન આવ્યું છે. સહુથી આનંદદાયક વાત તો એ છે કે તમે બધા અતિશય ભૌતિક વાતાવરણમાં કામ કરવા છતાં તમે એ વાતાવરણમાં તમારૂં નિયંત્રણ કરતા સારી રીતે શીખી લીધું છે જેનો મને ગર્વ છે. મને એમ પણ લાગે છે કે તમારી જગ્યાએ હું હોઉ તો આટલી સરસ રીતે પરિસ્થિતિને હું અનુકૂળ થઇ શકયો હોત કે કેમ! આપ સહુને સલામ.

આ ૧૩ વર્ષની પ્રગતિનું વિહગાવલોકન કરીએ તો આપણે રેકિ વિદ્યાનિકેતન ના બેનર નીચે લગભગ ૩૦,૦૦૦ સાધકોને દિક્ષિત કર્યા છે. અને ૧૬ કેન્દ્રો (જેમાં ૬ કેન્દ્રો ખૂબ કાર્યરત છે) ભારતમાં છે અને ૬ કેન્દ્રો યુ.એસ.એ. માં છે જે સારપ અને સ્વાસ્થ્યને દુનિયમાં ફેલાવી રહ્યા છે. આપણે ભલમનસાઇનો એક એવો અગત્યનો સમુહ તૈયાર કરી રહ્યા છીએ કે જેનાથી ભલમનસાઇ કે સારપ સમગ્ર વિશ્વમાં છવાઇ જશે. અને કદાચ એ ‘સતયુગ’ ની શરૂઆત હશે. મને ખાત્રી છે કે આપણા બધા પાસે આને શકય બનાવવાનું સામર્થ્ય છે. આપણે સહુએ ઈશ્વરમાં આપણો વિશ્વાસ હોવાનું જાહેર કરવું જોઇએ અને આપણે ખુદને પણ આ વાર્ષિક દિનની શુભેચ્છા આપવી જોઇએ. તે આપણા પ્રયત્નોને યોગ્ય રીતે બિરદાવ્યા ગણાશે.

- અજીત સર

# આશ્રમમાં થતી ધાર્મિક વિધિઓ પર પ્રશ્નો

વિનય નાયર



આરતી સમયે મંદિરના ગર્ભદ્વારમાં સ્વામી સાથે રહેવાનો સમય મારા માટે ખૂબ આહ્‌લાદક હોય છે. છેલ્લો આરતી સમયે થતી અમુક ક્રિયાઓ માટે મને અમુક પ્રશ્નો થયા જે નીચે આપેલા છે.

પ્ર-૧ આરતી શરૂ કરતા પહેલાં આપણે નાદસ્વર કરીએ છીએ. તો આ નાદસ્વર એટલે શું? અને તે વાસણ અને તે દાંડીની શું વિશિષ્ટતા છે? મંદિર પાછળ આવેલા ત્રણ વૃક્ષોની આરતી તેમજ રસોઇ ઘર સામે એક નાની ગ્રેનાઇટની દેરી છે ત્યાં કેમ આરતી કરવામાં આવે છે?

જ-૧ નાદસ્વરએ વાસ્તવમાં શબ્દ વિનાની આરતી છે. નાદ એટલે અવાજના તરંગો. જે વિશુદ્ધ રીતે હાઇ ફ્રીકવન્સી/સ્પંદન ગતિના અવાજના તરંગો ઉત્પન્ન કરે છે. જેમાં તે વાસણ, તેની દાંડી (જે કૈલાસથી લાવવામાં આવ્યા છે), ઘંટ અને શંખનો સમાવેશ થાય છે પારંપરિક રીતે માનવામાં આવે છે અને આપણા સંશોધનોને પણ બતાવ્યું છે કે આ સ્પંદનોમાં ઘણા વૈજ્ઞાનિક ગુઢ અર્થ રહેલા છે. આ સ્પંદનો ઉચ્ચ સ્પંદન ગતિ વાળા સ્પંદનો તરીકે ઓળખીએ છીએ. ઈશ્વરએ ઉચ્ચ સ્પંદન ગતિ વાળી ઊર્જા જ છે. અને આરતી એટલે આ સ્પંદનો સાથેનું જોડાણ. શંખ એ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ (શં) એટલે સ્વચ્છ અને સ્વાસ્થ્ય સભર વાતાવરણ ઉત્પન્ન કરનાર અને (ખ) એટલે અગ્નિ અને ધ્વનીના તરંગો હકીકતમાં સ્થૂળ તેમજ સૂક્ષ્મ સાથે જોડાણ સાધે છે. આમ આરતી અને પ્રાર્થના એ ચૈતન્યના સ્થૂળ સ્તરને સૂક્ષ્મ સ્તર સાથેના જોડાણ માટેના પ્રયત્ન સિવાય કશું જ નથી.

હવે મંદિરની પાછળ આવેલા વૃક્ષની આરતીની વાત કરીએ તો, પ્રાચીન સમયથી જ વૃક્ષોનું માનવ જીવનમાં ખૂબ પ્રદાન રહ્યું છે તેથી તેનો ખૂબ આદર કરાય છે. કેટલાક વૃક્ષોને પોતાનું આગવું મહત્વ હોય છે જેમ કે ઔદુમ્બર, વડનું વૃક્ષ, પીપળાનું વૃક્ષ, બિલ્લી, લીમડો અને તુલસી. તેઓ ઔષધિય ગુણધર્મ ધરાવે છે તેમજ તેઓ આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખે છે જેથી લોકો તંદુરસ્ત રહે. મંદિરની પાછળ ઔદુમ્બરનું વૃક્ષ, બિલ્લીનું વૃક્ષ અને કૈલાસપતિનું વૃક્ષ છે જે ઉપર જણાવેલા દ્દષ્ટિકોણથી પવિત્ર છે.



નાનકડી ગ્રેનાઇટની દેરી માટે એવું મનાય છે કે મઠ બાંધ્યો તે પહેલાં ત્યાં વાસ્તુ-શકિતનું સ્થાનક હતું. તે પણ ઉચ્ચ સ્પંદન ગતિ વાળી જગ્યા છે.

પ્ર-૨ આરતી કરતી વખતે અમુક સમય પછી આપણે ચોખા પણ મુકીને કપુર સળગાવીએ છીએ. તો તે શા માટે? અને નાદસ્વર આરતી દરમ્યાન પણ ચોખા પર કપુર સળગાવવામાં આવે છે તો તે સામાન્ય આરતી કરતા કઇ રીતે જુદી પડે છે?

જ-૨ કપુરને જયારે બાળવામાં આવે છે ત્યારે મૂર્તિની ઓરાને સ્વચ્છ બનાવે છે. (પ્રાણ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિને ઓરા હોય છે.) કપુરને ચોખા પર રાખવામાં આવે છે કારણ કે ચોખા ગરમીના અવાહક તરીકે કાર્ય કરે છે તેથી જેમાં આરતી કરવામાં આવે છે તે વાસણ ગરમ થઇ જતું નથી અને તે હાથથી આસાનીથી પકડી શકાય છે.

# હિમાલય સાથે મિલન - બદ્રિ-કેદાર યાત્રા

જે લોકો દિવ્ય આધ્યાત્મિક માર્ગે આગળ વધી રહ્યા છે તેમના મનમાં હિમાલય એક વિશિષ્ટ સ્થાન છે. યુગોથી આજ સુધી અધ્યાત્મિક માર્ગે યાત્રા કરનારા માટે તે શિખર સમાન છે. બરફાચ્છાદિત શિખરો અને અલગ અલગ રંગના પર્વતો તમારી શાંતિ પામવાના અનુભવની ભૂખને કયારેય સંતોષી શકતા નથી. (અવારનવાર ત્યાં જવાનું મન થઇ જાય છે) સાધકના એક ગ્રુપને ૬ મેથી ૧૫મે દરમ્યાન બદ્રિનાથ - કેદારનાથની યાત્રા કરવાની તક મળી. જેનો યશ આપણા સાધક શ્રી યશોધનભાઇ તથા તેમના પત્ની શ્રીમતી નયનાબેન શાહને ફાળે જાય છે. તેઓ હિમાલયની તળેટીમાં આવેલા રૂરકીમાં રહે છે. અમે નવ જણા હતા અને લગભગ ૬ પરિચિતો પણ હરિદ્વારથી ૭મી મે એ અમારી સાથે જોડાયા. ખૂબ સરસ વ્યવસ્થા હતી, સહુ ખુશખુશાલ હતા કારણ કે તે દિવસે જ કેદારનાથ જવાનો માર્ગ ખુલ્યો હતો અને અમે આ સ્થળની યાત્રા કરનાર પહેલા ગ્રુપમાં જ હતા. ભારતના આ ભાગમાં શિયાળા દરમ્યાન આ મંદિરો બંધ રહે છે અને ઉનાળામાં લગભગ ૬ માસ પછી ખુલે છે.

અમારો પહેલો પડાવ સીતાપુરમાં હતો જે કેદારનાથના રસ્તે આવે છે. સવારથી ૨૫૦ કી.મી. જેટલું અંતર અને ભાડે કરેલી બસમાં કાપી લીધું હતું. સીતાપુર ગૌરીકુંડથી લગભગ ૨૫-૩૦ કી.મી. ના અંતરે છે. આપણી પૌરાણિક કથામાં એવું આવે છે કે ગૌરીકુંડમાં દેવી પાર્વતીએ ગણેશનું સર્જન કર્યું હતું. ત્યાં પવિત્ર સ્નાન કરીને અમે સહુ કેદારનાથની યાત્રાએ જવા તૈયાર થઇ ગયા. કેદારનાથમાં ૧૪ કી.મી. ઉપર જે લગભગ ૧૨૫૦૦ ફુટની ઉ ચાઇએચડવાનું હોય છે. અમે તે રસ્તો ઘોડેસવારી કરીને કાપ્યો. ત્યાનું હવામાન અતિશય ઠંડુ હતું અને મજાની વાત તો એ હતી કે બરફ હજુ ઓગળ્યો ન હતો. અમારા આ યાત્રા માર્ગમાં છેલ્લે અમારે બરફ વચ્ચેથી ચાલવું પડયું હતું, આ અમારા માટે એક નવીન અનુભવ હતો. જો કે અમે ગંગોત્રી યમનોત્રીની યાત્રાએ આઠ વર્ષ પહેલા ગયા જ હતા અને આ વાતાવરણથી પરિચિત હતા. કેદારનાથના દર્શનનો અનુભવ અનેરો હતો અમે ત્યાં રૂદ્રાધ્યાનનો ૧૧ વખત પાઠ કર્યો અને ત્યાં રૂદ્રાધ્યાનનો પાઠ એકવાર કરવો તે ૧ કરોડવાર કર્યા બરોબર છે તેમ કેમ કહેવાય છે તે અનુભવ્યું. તે રાતે અમે કેદારનાથ મંદિરની પાછળના ભાગમાં જ એક ધર્મશાળામાં રહ્યા હતા. અલકનંદાથી ત્રાણ બાજુએ ઘેરાયેલા તેમજ ચોથી બાજુએ બરફાચ્છાદિત પર્વતો એ દશ્ય જોવાનો જીવનનો અનેરો લ્હાવો હતો. બીજે દિવસે અમે રાત્રિ રોકાણ રૂદ્રપ્રયોગ કરીને બદ્રીનાથ જવા રવાના થયા. વહેલી સવારે જયોર્તિમઠથી થઇને બદ્રીનાથ તરફ જવા પ્રયાણ કર્યું, સાંકળા સર્પકારના રસ્તા મનમાં ભય પમાડે તેવા હતા. અમે સલામત રીતે બદ્રીનાથ પહો ચીગયા અને બદ્રીનાથના દર્શન કરી ત્યાં વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કર્યો. તે અદ્ભૂત અનુભવ હતો. જાણે ઈશ્વરની સમીપ હોઇએ તેવો અનુભવ હતો. બદ્રીનાથમાં રાત્રિ રોકાણ કરી બીજે દિવસે અમે ૧૪ કલાકની સતત મુસાફરી કરી રૂરકી પહો ચીગયાં શારીરિક રીતે થાકી ગયા હોવા છતાં માનસિક રીતે ખૂબજ પ્રફુલ્લિત હતા. મુંબઇ જતાં પહેલાં વચ્ચે દિલ્હી રોકાયા. દિલ્હીમાં બહાઇ સંપ્રદાયનું કમળમંદિર તેમજ અક્ષરધામ સ્વામી નારાયણ મંદિર જોયા અને તે પણ બદ્રી-કેદાર યાત્રાનું જ અનુસંધાન હોય તેમ જણાયું. આમ અમે હિમાલયથી દિલ્હી પહો ચ્યાત્યાં સુધી ભૌતિક દુનિયામાં આવી ગયા હોવા છતાં આધ્યાત્મિક ઉ ચાઇઓપર જ રહ્યા.



કેદારનાથ મંદિરનો પાછળનો ભાગ



કેદારનાથ મંદિર આગળ સાધકો



એક રહસ્યમય પદાર્થ જે નથી સૂર્ય કે નથી ચંદ્રમા

# ગુરૂનું સામર્થ્ય

બાઇબલના ''નવા કરાર'' (ન્યૂ ટેસ્ટામેન્ટ)માં લાઝરસની સુંદર વાર્તા છે. ક્રાઇસ્ટ એટલા દુર્ભાગ્યશાળી છે. તેઓ ખોટી સંગતમાં પડી ગયા. એકપણ ખ્રિસ્તી ધર્મશાસ્ત્રી, લાઝરસના મૃત્યુ, પુનઃજન્મનો અર્થ તેની વાર્તામાંથી ન શોધી શકયા.

લાઝરસ મૃત્યુ પામ્યો. જીસસના પરમ અનુયાયી મેરી મેગ્ડેલીન અને માર્થાનો એ ભાઇ છે એ સમયે જીસસ ઘણાં દૂર છે. એ દરમ્યાન એમને સંદેશ અને આહ્‌વાહન મળે છે. 'જલ્દી આવો' બે દિવસ પસાર થઇ ગયા છે અને તેઓ લાઝરસના ઘરે પહો ચ્યાત્યાં સુધી ચાર દિવસ વીતી ગયા હતા. પરંતુ મેરી અને માર્થા તેમની રાહ જોઇ રહ્યા છે. તેમનો વિશ્વાસ એટલો જ અટલ છે. આખું ગામ આ જોઇ તેમની સામે હસી રહ્યું છે. બીજા માણસોની નજરોમાં તેઓ મૂર્ખ ગણાય છે, કારણ કે તેઓએ એક મૃતદેહને ગુફામાં રાખ્યું છે. તે મૃતદેહની ચોકીદારી તેઓ રાતદિવસ કરી રહ્યાં છે. તે મૃતશરીર સડવા અને ગંધ મારવા લાગ્યું છે. ગામનાં માણસો કહે છે, ''તમે મૂર્ખ છો! જીસસ કાંઇ ન કરી શકે, જયારે કોઇ મરી ગયું છે, ત્યારે તેને મૃત માનવું જ જોઇએ.

જીસસ આવે છે, ગુફા પાસે જાય છે, પણ તેની અંદર નથી જતા, તેઓ બહાર ઉભા રહીને લાઝરસને બોલાવે છે. લોકો આસપાસ એકઠા થયા છે. તેઓ હસતા હતા, ''આ માણસ ગાંડો થઇ ગયો લાગે છે!'' અને તે ચાર દિવસથી મૃત્યુ પામ્યો છે! વાસ્તવમાં ગુફામાં પ્રવેશવું મુશ્કેલ છે! તેનું શરીર દુર્ગંધ મારે છે. તેથી તે અસંભવ છે. તમે કોને બોલાવો છો? પરંતુ વિચલિત થયા વિના જીસસ વારંવાર બુમો પાડે છે, લાઝરસ બહાર આવ. આખા જન સમુદાયના આશ્ચર્ય વચ્ચે લાઝરસ બહાર આવે છે? અંચબો પામીને જાણે ગહેરી નિદ્રામાંથી ઉઠયો હોય તેમ, કોમામાંથી ઉઠયો હોય તેમ, તે પોતે શું બન્યું હતું, તે શા માટે ગુફામાં હતો તે સમજી ન શકયો.

આ વાર્તા ખાસ કરીને ગુરૂનું કાર્ય શું છે તે સમજાવવા કહેવાય છે. લાઝરસ ખરેખર જીવતો હતો કે મૃત તે મહત્વનું નથી. જીસસ મૃત વ્યકિતને જીવંત કરી શકે છે કે કેમ તે પણ મહત્વનું નથી. આવા નિરર્થક પ્રશ્નોમાં ઉલઝવું મુર્ખાઇભર્યું છે. માત્ર વિદ્વાન લોકો જ આવા મૂર્ખ હોઇ શકે. કોઇપણ સમજુ માણસ એમ નહી વિચારે કે આ કંઇક ઐતિહાસિક છે. આ તેનાથી ઘણું વધારે છે. આ હકીકત નથી, સત્ય છે. આવું કયારેય બનતું હોય છે તેમ નથી, આ તેથી પણ કઇક વધારે છે. આવું અનંતકાળમાં કયારેક બનતું હોય છે. તમે બધા મૃત છો. તમે બધા લાઝરસની સ્થિતિમાં છો. તમે બધા અંધારી ગુફામાં જીવી રહ્યા છો. તમે બધા સડી રહ્યા છો, દુર્ગંધ મારી રહ્યા છો. કારણ કે મૃત્યુ એક દિવસ અચાનક આવી જતું નથી. તમે દરરોજ મરો છો. તમારા જન્મદિવસથી જ તમારૂં મરવાનું શરૂ થાય છે.

આ એક લાંબી પ્રક્રિયા છે, તે સીત્તેર, એ સીકે નેવું વર્ષમાં પૂરી થાય છે. પ્રત્યેક્ષ ક્ષણે તમારામાંથી કંઇક મરે છે, તમારૂં કંઇક મરે છે, પરંતુ તમે આ પરિસ્થિતિથી બિલકુલ અજાણ છો. તમે જીવતા હો તેમ જીવી રહ્યા છો. તમે એવી રીતે જીવી રહ્યા છો જાણે તમને ખબર હોય કે જીવન શું છે? ગુરૂનું કાર્ય તમને જગાડવાનું છે, ''લાઝરસ ગુફામાંથી બહાર આવ, તારી કબરમાંથી બહાર આવ, મૃત્યુમાંથી બહાર આવ!''

ગુરૂ તમને સત્ય આપી શકતા નથી પરંતુ તે તમને સત્ય બતાવી શકે છે. તે તમારામાં એવી પ્રક્રિયા ગતિમાન કરશે જેનાથી તમારા અંતરની જયોત પ્રજવલિત થઇ શકે, તમે જ સત્ય છો, પરંતુ તમારા અસ્તિત્વ પર ધૂળ જમા થઇ છે. ગુરૂનું કાર્ય નકારાત્મક હોય છે, એ તમને ધોવે છે, નવડાવે છે જેથી તમારા પર જામેલી ધૂળ અદશ્ય થાય.

ક્રિશ્ચીયન બેપ્ટીઝમનો આ સાચો અર્થ છે. જોન બેપ્ટીઝમ જોર્ડન નદીમાં આ જ કાર્ય કરતા. પરંતુ લોકોને તેની સમજણ ન હતી. આજે પણ ચર્ચમાં બેપ્ટીઝમ થાય છે પરંતુ તે અર્થહીન છે. બેપ્ટીઝમ લોકોને આંતરિક સ્નાન માટે તૈયાર કરે છે. જયારે તેઓ તૈયાર થતા ત્યારે તે તેઓને પ્રતિકાત્મક રૂપે જોર્ડન નદીમાં લઇ જતો. તે માત્ર પ્રતિકાત્મક હતું, જે રીતે ભગવા વસ્ત્રો પ્રતિકાત્મક છે જેમ જોર્ડન નદીમાં સ્નાન પણ પ્રતિકાત્મક જ છે. એવું પ્રતિક છે કે ગુરૂ તમને સ્નાન કરાવી શકે છે. તે તમારે અંતરનો મેલ સાફ કરે છે. જે સદીઓથી તમારા પર જામેલો છે. અચાનક બધું જ સ્પષ્ટ થઇ જાય છે, બધું જ સ્પષ્ટતામાં ફેરવાઇ જાય છે અને આ સ્પષ્ટતા જ પ્રબુદ્ધતા છે.

મને લાગે છે કે બેપ્ટીઝમ અને વહેતી નદીમાં ઉભા રહેવું તે રેકિ જેવું જ છે. નદીનો પ્રવાહ ઊર્જાના પ્રવાહને વ્યકત કરે છે. એક વખત વ્યકિત ઊર્જાના પ્રવાહનો અનુભવ કરે છે ત્યારે તે નિશ્ચિત રૂપે દિવ્યતા કે ઇશ્વર સાથે જોડાઇ જાય છે.

# રુદ્રમ્ અને રેકિ વચ્ચે સુસંગતતા

- અજીત તેલંગ

મને ઘણી વખત પ્રશ્ન પૂછવામાં આવે છે કે રુદ્રમ્ અને રેકિ વચ્ચે શું પૂરક અને સમાનતા છે. છેલ્લા ઘણા વર્ષોથી આશ્રમમાં રુદ્રમ્‌નું પઠન એક મહત્ત્વની પ્રવૃતિ છે. ઘણી વખત રુદ્રમ્‌ના પઠન વખતે રુદ્રમ્‌ના મંત્રોના ઉચ્ચારણથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠે છે. તેથી તે આશ્રમનું એક મહત્વનું લક્ષણ બની ગયું છે.

વિભિન્ન વૈદિક મંત્રોમાં સત્ રુદ્રિય મુખ્ય સ્થાન પ્રાપ્ત કરે છે. જેનો પાઠ વૈદિક દ્વારા રોજ કરવામાં આવે છે. તે 'શ્રી રુદ્રમ્' ના નામથી પ્રચલિત છે. ઇશ્વરની પ્રશંસા અને પ્રાર્થના સમી આ મંત્ર-પ્રાર્થના એ કૃષ્ણ યજુર્વેદનો એક ભાગ છે. એવું માનવામાં આવે છે કે રુદ્રમ્‌ના અર્થના બે પરિમાણ છે, બે અર્થ છે. એક પ્રચલિત અર્થઘટન એ છે કે રુદ્રમ્ અર્થાત્ ''રોદયાદિ સર્વમ્ અંતકારે'' એટલે કે જે દરેક ને અંતમાં રડાવે છે, શિક્ષા દ્વારા સુધારનાર, નમ્ર બનાવનાર આ શબ્દનું મૂળ 'રુદિર' - અશ્રુ વિમોચને, અશ્રુ વહેવાની ક્રિયા. બીજો અર્થ એ છે કે 'રુદ્રમ્ દ્રાવયતિ' એટલે કે જે દુઃખ / દર્દને દૂર કરે છે અથવા તો તેના કારણને પણ મિટાવી દે છે. ત્રીજો અર્થ કોઇ પરંપરાગત શાસ્ત્ર અથવા ગ્રંથમાં નથી પરંતુ એક વખત મને તે અંતરદૃષ્ટિ દ્વારા પ્રાપ્ત થયો જે એક અલગ જ પરિમાણ ધરાવે છે. 'રુદ્ર' શબ્દ બે અક્ષરનો બનેલો છે 'રુ' અને 'દ્ર'. અન્ય ભાષાઓની જેમ સંસ્કૃત એક એવી ભાષા છે જેમાં કોઇ પણ વ્યકિત શબ્દમાં આવતા દરેક અક્ષરનો ઠોસ અર્થ મેળવી શકે. 'રુ' અક્ષર ગુરુ શબ્દમાં પણ આવે છે જેનો સચોટ અર્થ દિવ્ય પ્રકાશ અથવા ઊર્જા છે. જેમ આપણે જોઇ શકીએ છીએ કે ગુરુ શબ્દમાં 'ગુ' અંધકાર સૂચવે છે અને 'ગુરુ' એટલે કે એવી વ્યકિત કે જે તેના શિષ્યોને અજ્ઞાન રૂપી અંધકારમાંથી વિવેક રૂપી દિવ્ય પ્રકાશ તરફ લઇ જાય છે. આ તર્ક પ્રમાણે રુદ્રમાં 'રુ' નો અર્થ દિવ્ય પ્રકાશ છે અને બીજો અક્ષર 'દ્ર' પ્રવાહ સૂચવે છે. આવો જ અર્થ 'રુદ્ર' શબ્દમાં છે. ('રુદ્ર' શબ્દનો અર્થ પ્રવાહિતા) કંઇક એવું કે જે પ્રવાહિત છે, તેને આપણે દ્રવ્ય કહીએ છીએ. જે ઘન પદાર્થથી અલગ છે. જે પ્રવાહિત નથી. જો કોઇ આ અર્થ યોગ્ય સમજપૂર્વક લાગુ કરે તો રુદ્ર શબ્દનો સાચો અર્થ પ્રવાહિત પ્રકાશ અથવા પ્રવાહિત ઊર્જા થવો જોઇએ.

આપણા રેકિના વિદ્યાથ ઓને આ શબ્દ અને તેનો અર્થ એક જુદું જ પરિમાણ બતાવશે જે તેના પરંપરાગત અર્થ કરતાં જુદું જ તરી આવશે. આ રીતે 'રુદ્ર' શબ્દ સાચે જ રેકિને એક પ્રવાહિત ઊર્જા રૂપે પરિભાષિત કરે છે. પહેલાં બતાવેલા રુદ્રના બે અર્થો દુઃખ આપનાર તથા ભકતોના દુઃખ દૂર કરનાર, તેમજ સાંત્વના પ્રદાન કરનાર કરતાં આ અર્થ સહેલાઇથી સમજી શકાય છે. કોઇ આવી ઉચ્ચ સમજ સાથે ચેતનાના ખેલને સમજી શકે તો ઉપર બતાવેલા બે વિરોધાભાસી અર્થ અહી જ ખતમ થઇ જાય છે. ચેતના એ અમુક હેતુસભર ઊર્જા છે, તે પ્રબુદ્ધ ઊર્જા છે. આ ઊર્જાથી જ જીવન છે અને તે સર્વવ્યાપી છે. ઊર્જાના પ્રવાહનું હીલી ગમાટેનું પરિમાણ જોઇએ તો ઊર્જાનો પ્રવાહ એ જ જીવન છે. જયારે તે પ્રવાહ બંધ થાય છે, જીવનનો અંત આવી જાય છે. જયારે તેના પ્રવાહમાં અવરોધ આવે છે, જીવનમાં પણ અવરોધ આવે છે. આ અવરોધો એટલે એવી પરિસ્થિતિ કે જે અતિ દુઃખી અવસ્થા, પીડા અને રોગ માટે કારણભૂત બને છે.

જયારે આ અવરોધો દૂર થાય છે ત્યારે ઊર્જાનો પ્રવાહ પૂર્વવત્ વહેવા લાગે છે જેને આપણે સ્વાસ્થ્ય કહીએ છીએ. આપણામાંથી મોટાભાગના લોકોને ખબર છે કે આ અવરોધો આપણા કર્મોને લીધે હોય છે. અથવા તો અપૂર્ણ કર્મો કે જે સંસ્કારો કે તેની છાપ છોડે છે. કોઇપણ રીતે આપણા સ્વાસ્થ્ય કે બિમારી માટે કારણભૂત ઊર્જાનો પ્રવાહ છે. જયારે આ પ્રવાહ બંધ થાય છે ત્યારે જીવનનો તેમજ રોગોનો બંનેનો અંત આવે છે.

વાસ્તવમાં રુદ્રના આગળના મંત્રો એ જ વાત સૂચવે છે જેની આપણે ચર્ચા કરી. તેમાં ઇશ્વરને પ્રાર્થના કરવામાં આવી છે તેમજ તેમના ક્રોધ તેમજ તેમના હાથમાં રહેલા આયુધોને ભયથી નમન કરવામાં આવ્યું છે જેથી હાથમાં રહેલા એ આયુધો કે શસ્ત્રો આપણી તરફ ન ફે કાય.બીજો મંત્ર કહે છે કે હવે હું એજ શસ્ત્રોથી ખુશ છું કે જે ઇશ્વરના હાથમાં છે કારણ કે તે અમારી સુરક્ષાનું કાર્ય કરે છે. વિચારધારાનું આ પરિવર્તન, ભયથી વિશ્વાસ સુધીની યાત્રા, એટલા માટે નથી આવ્યુ કે આ આયુધોની દિશા બદલાઇ છે અથવા તો ઇશ્વરે દિશા બદલી છે પરંતુ આપણે ખરાબ સંસ્કાથી શુન્ય સંસ્કાર અથવા તો સારા સંસ્કાર તરફ પ્રયાણ કર્યુ છે તેથી છે. અને આજ રેકિ છે.

# આપણી વેબસાઈટના વિવિધ વિકલ્પોનો ઉપયોગ કેવી રીતે કરવો

૧) રેકિ મોકલવા માટે રેકિ રીકવેસ્ટ કરવા રેકિ બોક્સનો ઉપયોગ :

- પહેલા www.reikibrahma.org પર જાવ. હોમપજના નીચેના ભાગમાં જમણી બાજુએ રેકિ બોક્સ છે.
- રેકિ બોક્સ નીચે આવેલા બટનમાં MORE પર કલીક કરો.
- તેમાં તમારી વિગત ભરી પછી Add Request પર કલીક કરો.
- જયારે રેકિ રીકવેસ્ટ એકમીનીસ્ટર્ડ દ્વારા એપ્રુવ થઇ જશે ત્યારે તમારી વિગત વેબસાઇટ પર આવી જશે.

૨) રેકિ સેમિનાર શેડયુલ (સમય પત્રક) જાણવા માટે :

- ટોપ મેન્યુમા રેકિ સેમિનાર શેડયુલ પર કલીક કરવાથી રેકિ સેમિનારને લગતી છેલ્લામાં છેલ્લી માહિતિ મળી શકશે. તેમાં ઓરગેનાઇઝર્સના કોન્ટેકટ નંબર પણ આપેલા છે.


૩) ન્યુઝલેટર એક્સેસ કરવા માટે :

- હોમપેઇજ નીચેના ભાગમાં આવેલ ન્યુઝલેટર સેકશન પર કલીક રવાથી ન્યુઝલેટર ડાઉનલોડ કરી શકાશે.

૪) બ્લોગનો ઉપયોગ :

- હોમ પેજના ટોપ મેન્યુબારમાંથી બ્લોગ સેકશનમાં જવાથી વિવિધ ઇનસાઇટસ્ તેમજ ગુરૂજીના લખાણો જોઇ શકાશો.

## દેવરૂખ આશ્રમમાં આકાર લેનારૂં લન ગ સેન્ટર



દેવરૂખ આશ્રમમાં દિવસે દિવસે શીખવાની પ્રવૃત્તિ વધતી જાય છે. પહેલાં કરતાં ગુરૂજી આશ્રમમાં વધારે સમય આપવા લાગ્યા છે અને કદાચ નજીકના જ ભવિષ્યમાં તેઓ કાયમ માટે આશ્રમમાં રહેવા આવી જશે, તેથી શીખવાની પ્રવૃત્તિઓ સારો એવો વધારો થયો છે. અત્યાર સુધી રેકિના કલાસીસ ખૂલ્લી જગ્યામાં જ લેવાતા. જેમાં વરસાદની મોસમમાં તેમજ ઉનાળામાં ખૂબ રૂકાવટ આવતી. બિ દિયાનાસંગીત મંદિરની સ્થાપના થઇ ગઇ છે, રૂદ્રાધ્યાય ના કલાસીસ પણ ગુરૂજી આ વર્ષ દરમ્યાન લેવાના છે અને ગુરૂજી વેદિક જ્ઞાન પણ શીખવવા માગે છે જેને માટે યોગ્ય જગ્યા હોવી જરૂરી છે. આપણા આક ટેકટે જરૂરી સગવડતાવાળા લન ગસેન્ટરની એક ડીઝાઇન બૈયાર કરી છે. જેનું કન્સ્ટ્રકશન નજીકના ભવિષ્યમાં થશે. જેનાથી ભકત-નિવાસના જે રૂમો આવી પ્રવૃત્તિ માટે વપરાય છે તે ખાલી થશે.

# સમર્થ રામદાસ સ્વામીની તેમના શિષ્યો માટે પ્રાર્થના

મને મારા શિષ્યો પાસે કશી અપેક્ષા નથી સિવાય કે તેઓ સાધના કરે. અને તે પણ એવા વિચાર સાથે કે મારા મૃત્યુ પછી કોઇએ તો ઇશ્વર ભજવા જ પડશે.

જયારે હું જઇશ પછી ઇશ્વરની આરાધના કોણ કરશે?

હું  તેમને આ પરિસ્થિતિ માટે તૈયાર કરી રહ્યો છું જેથી કોઇ તો 'એના' ભજનો ગાવા તૈયાર થશે.

હું મારા શિષ્યો પાસેથી આટલું જ ઇચ્છું છું.


તમારી આધ્યાત્મિક શોધ, એજ અત્યાર સુધી મે તમને જે શીખવ્યું છે તેની ફીઝ છે.

# ઇશ્વરની કૃપા

ભૂતકાળમાં સંચિત કરેલા પાપો અંતહીન છે. કારણ કે પ્રત્યેક વ્યકિત અત્યંત પ્રાચીન સમયથી તે કરતો આવ્યો છે. તેમ છતાં વચ્ચે વચ્ચે પાપી હોવા છતાં ઇશ્વર આપણને માનવદેહ આપી કૃપા કરે છે અને અધવચ્ચેથી તે આપણને મુકત થવાની તક આપે છે. તે ઇશ્વરની અસીમ કૃપા છે. ઇશ્વરનો સ્વભાવ જ એવો છે કે તે પોતાની કૃપા કોઇપણ કારણ વગર વરસાવતો જ રહે છે. અને તે બેવડી કૃપા છે.

જેમની અસીમ કૃપા પર વિશ્વાસ રાખી જો કોઇ આધ્યાત્મિક માર્ગને અનુસરે તો તેને ખૂબ સુખ શાંતિ પ્રાપ્ત થશે જે અનોખી અને સહજ, સ્વયં સિદ્ધ, દિવ્ય અને પ્રગતિ કરાવનારી હશે. આપણે એ કૃપાનો આશ્રય લેતા નથી તેનાથી તેની કૃપા ઓછી ફળદ્રુપ જણાય છે. જો આપણે તેમની કૃપા પ્રાપ્ત કરીએ તો તેમની કૃપા ભરપૂર ફળો આપશે. તેથી જયારે ઇશ્વરની આરાધના કરો ત્યારે તેની કૃપાનો આશ્રય લો.

# અમરનાથ યાત્રા



રેકિ વિદ્યાનિકેતનના રેકિ સાધકો આ વર્ષે ૬ ઓગષ્ટથી ૧૧ ઓગસ્ટ વચ્ચે અમરનાથ યાત્રા કરવા જવાના છે. અમરનાથની ગુફા લગભગ દરિયાના લેવલથી ૧૪૫૦૦ ફુટની ઉ ચાઇપર આવેલી છે અને તે દર વર્ષે બે મહિના માટે જ ખૂલે છે. આ યાત્રા માટેની તારીખનું રજીસ્ટ્રેશન ભારત સરકારના આદેશ મુજબ થશે. આ રજીસ્ટ્રેશન ઓન લાઇન થશે અને દરરોજ માત્ર ૧૫૦ યાત્રીઓનું રજીસ્ટ્રેશન થાય છે. આપણા સાધકો માટે રજીસ્ટ્રેશન ચાલુ જ છે. વધુ માહિતિ માટે સંપર્ક કરો.

મી. વિશાલ શ્રીધંકર - (9967639636) અથવા

મી. મિલિ ક્ષુર્વે - (8898081252)

## આશ્રમ જ્ઞાન

### કોઇ એકલું સહન કરતું નથી

અર્નેસ્ટ હેમિ ગવેનુંએક વાકય વિખ્યાત છે, ''No matter for whom the bell tolls for thee' કોઇ એકલું મરતું નથી. આપણા અસ્તિત્વનો અમુક ભાગ રોજ મૃત્યુ પામે છે અને જતો રહે છે. અહી માત્ર મૃત્યુ પામવાનો જ સવાલ નથી, અહી સવાલ જીવન જીવવાનો પણ છે. જયારે આપણે જીવન જીવીએ છીએ ત્યારે આપણે માનીએ કે ન માનીએ સાથે જ જીવીએ છીએ. સ્વામી વિવેકાનંદ કહેતા, ''આપણા મોઢામાંથી બોલાયેલો એક શબ્દ એ ધ્વનિ તરંગ સિવાય કશું જ નથી, અને તે તરંગ ગતિથી સમગ્ર વિશ્વમાં ફેલાય છે. આપણે જે ઉચ્ચારીએ છીએ તેની અસર સમગ્ર વિશ્વમાં થાય છે.'' સામાન્ય માનવીને આ સમજાતું નથી. પરંતુ સાધકે પોતે શું બોલે છે, શું કરે છે તે બાબત જાગૃતિ રાખવી જરૂરી છે. કરાણ કે તેની લાંબે ગાળે સમગ્ર વિશ્વમાં અસર થતી હોય છે. આપણા પોતાના કર્મો માટે માત્ર આપણે એકલા જ સહન કરતા નથી, પરંતુ વાસ્તવમાં તમે હંમેશા જોયું હશે કે પરિવારમાં જે સહુથી નિખાલસ હોય છે તે પરિવારના બીજા સભ્યોના દુષ્કર્મોને લીધે સહુથી વધારે સહન કરે છે. એક યા બીજા દુષિત તરંગો માણસને સહુથી વધારે અસર કરે છે. જેમકે એકદમ સ્વચ્છ સપાટી પર વાતાવરણમાંથી સહુથી વધારે ધૂળ જોમેલી દેખાય છે. જે વ્યકિત અધમ કાર્ય કરે છે તે તો સહન કરે જ છે પરંતુ એકલો નહી .કારણ કે આપણે પણ આ સમગ્ર અસ્તિત્વનો એક હિસ્સો છીએ જે તમારી માન્યતાથી પર છે. પરંતુ તે હકીકત છે. તેથી રેકિની બીજી ડીગ્રી પછી અમે હંમેશા કહેતા હોઇએ છીએ કે જો તમે બીજાને હીલ (heal) કરશો તો તમે આપો આપ heal થઇ જશો. કારણ કે વાસ્તવમાં તમારા અસ્તિત્વમાં તમારી આજુબાજુ કોઇ જ નથી. જેમ કે આપણા શરીરના કોઇ એક ભાગમાં ઇજા થાય છે તો શરીર તેમજ મન બંને પર તેની અસર થાય છે. આપણે અલગ રહી શકીએ એમ માનવા છતાં આપણે કયારેય અલગ રહી શકતા જ નથી. સબંધોમાં હંમેશા પ્રતિક્રિયા આવે છે. અને આપણે વિશ્વની બધી વ્યકિત તેમજ વસ્તુ સાથે જોડાયેલા છીએ. અને પ્રતિક્રિયાની તીવ્રતા આપણા સંબંધોની ઘનિષ્ટતા પર આધાર રાખે છે. સુખ અને દુઃખ એ પણ આપણી પ્રતિક્રિયાઓ જ છે. જેને માટે કયારેક આપણે જાગૃત હોઇ છીએ તો કયારેક અર્ધ જાગૃત તફાવત માત્ર એટલો જ છે. દરેકે સહન કરવાનું તો છે જ. માટે તમે શું કરો છો અને શું બોલો છો તે માટે સાવધ રહેજો. કોઇ કયારે દુઃખ પામે છે એની તમને ખબર પડતી નથી.

જયારે તમને ઇશ્વર પસંદ કરે છે ત્યારે તમારે પણ પસંદ કરવાનું હોય છે. પસંદગીની આ એક નિરંતર પ્રક્રિયા છે અને તે પસંદગીમાં તમે તમારી જાતને તમારી જ પ્રક્રિયાથી મુકત કરો છો.

## રેકિ સેમીનારનું સમય પત્રક

| ક્રમાંક | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૮, ૯ જુન | નાસિક | અજીતસર | બીજી |
| ૨ | ૧૫, ૧૬ જુન | રાજકોટ | અજીતસર | બીજી |
| ૩ | ૧૮, ૧૯ જુન | વડોદરા | અજીતસર | બીજી |
| ૪ | ૧૮, ૧૯ જુન | વડોદરા | અજીતસર | પહેલી |
| ૫ | ૨૫, ૨૬ જુન | થાણા | અજીતસર | પહેલી |
| ૬ | ૨, ૩ જુલાઇ | દેવરૂખ | અજીતસર | પહેલી |
| ૭ | ૧૯ જુલાઇ - ૨ ઓગષ્ટ | શિકાગો | અજીતસર | ૩ સેમિનાર |